**આંક–૪૪.**

શ્રી ડી. જે. ઠાકર, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત નં.૨, અમદાવાદ સમક્ષ.
રેફરન્સ (એલ.સી.એ) નં.૫૫/૨૦૦૧.

**પ્રથમ પક્ષકાર :–**

**૧.** મેનેજરશ્રી ઈશાન ડાઈઝ એન્ડ કેમિકલ લિ.,
૧૮, ફેઝ–૧,
જી.આઈ.ડી.સી.,
વટવા–અમદાવાદ.

**: વિ રૂ દ્ધ :**

**બીજા પક્ષકાર :–**

**૧.** દિનેશભાઈ શકરાભાઈ ચૌહાણ,
મુ. માંકવા, કૈલાશપુરા,
તા.મહેમદાવાદ, જી.ખેડા.
C/o. અખિલ ગુજરાત જનરલ મઝદૂર સંઘ,
અરબ ચેમ્બર્સ, બીજો માળ, પત્થરકૂવા,
રીલીફ રોડ, અમદાવાદ.

**વિષય : આઈ.ડી.એકટની ક.૧૦ (૧) (સી) મુજબ ઔદ્યોગિક વિવાદ.**

પ્રથમ પક્ષકાર તરફે : શ્રી વી. જે. પટેલ.
બીજા પક્ષકાર તરફે : શ્રી વી. કે. કાઝી.

**: એ વો ર્ડ :**

**૧.** મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદે તેમના તા.૧૪/૧૨/૨૦૦૦ ના હુકમ નં. કેએચ/એસએચએમસી આર/ક/ અને આઈડીઆર/૯૩૨/૨૦૦૦ થી સદરહુ રેફરન્સ ન્યાયનિર્ણય અર્થે અત્રેની અદાલતને સુપ્રત કરવામાં આવેલ છે.

**: અ નુ સૂ ચિ :**

'' શ્રી દિનેશભાઈ શકરાભાઈ ચૌહાણને તેમની મૂળ જગાએ પડેલા

દિવસોના પૂરા પગાર સહિત નોકરીમાં પુન: સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? ''

૨. આ કામે બીજા પક્ષકાર તરફે વકીલાતનામું રજૂ થયેલ છે. આંક–૩ થી રજીસ્ટ્રાર, મજૂર અદાલત તરફથી નોટિસ ઈસ્યુ કરવામાં આવેલ, જે બેલિફ દ્વારા બજવણી થયેલ છે અને આંક–૪ થી રજી.એ.ડી.સ્લીપ રજૂ છે.

૩. આ કામે બીજા પક્ષકાર તરફે આંક–૫ થી માંગણાનું નિવેદન રજૂ કરેલ છે જેની ટૂંકમાં હકીકત એવી છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં મેન્ટેનેશ ખાતામાં ફીટરના હેલ્પર તરીકે ખંત અને વફાદારી પૂર્વક છેલ્લા ૩ વર્ષથી નોકરીની ફરજો બજાવતા હતા અને સંસ્થાને કામ–વર્તન બારામાં કોઈ જ ફરિયાદ ન હતી, આમ તેઓનો સર્વિસ રેકેર્ડ તદ્દન ચોખ્ખો હતો અને છે. આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થાને મજૂર કાયદાઓ લાગુ પડે છે અને સંસ્થામાં ૧૦૦ કરતા વધુ કામદારો કામ કરે છે તથા કાયદાની જોગવાઈઓનું સંસ્થા દ્વારા વારંવાર ભંગ અને ઉલ્લંઘન કરવામાં આવી રહેલ છે. તેઓને સંસ્થા માસિક પગાર રૂા.૧,૫૩૦/– ચૂકવતી હતી અને પગાર સિવાય અન્ય કોઈપણ પ્રકારની સવલતો સંસ્થા તરફથી પૂરી પાડવામાં આવતી ન હતી. બીજા પક્ષકાર વધુમાં જણાવે છે કે તેઓ બીમાર થવાને કારણે ફરજ બજાવવા માટે હાજર થઈ શકેલા નહિ, તેના કારણે તેઓ ઉપર કિન્નાખોરી અને વેરભાવ રાખીને પ્રથમ પક્ષકારના હોદ્દેદારોએ તા.૪/૮/૨૦૦૫ ના રોજથી બદદાનત અને બદઈરાદા પૂર્વક નોકરીમાંથી ખોટા અને બનાવટી ઉપજાવી કાઢેલા કારણોસર ફકત મૌખિક હુકમથી છૂટા કરેલ છે. તેઓને છૂટા કરતા અગાઉ કોઈ નોટિસ, પગાર, વળતર વગેરે ચૂકવી આપેલ નથી કે ચૂકવી આપવાની કોઈ જ ઈચ્છા કે તૈયારી બતાવેલ નથી, આમ તેઓને છૂટા કરીને મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓનો, કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો તેમજ ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓનો ખુલ્લેઆમ ભંગ અને અનાદર કરેલ છે તેમ જણાવી દાદ માંગેલ છે કે તેઓને સંસ્થાએ તા.૪/૮/૨૦૦૦ ના રોજથી નોકરીમાંથી છૂટા કરેલા છે તે ગેરકાયદેસર, ગેરવ્યાજબી ઠરાવી તેઓને નોકરીમાં અનુસૂચિ મુજબ આનુષાંગિક તમામ હકકો સાથે પુન: સ્થાપિત કરે તેવો હુકમ કરવા તથા ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

૪. આ કામે આંક–૬ થી બીજા પક્ષકાર તરફે વકીલાતનામું રજૂ થયેલ છે, બીજા પક્ષકારે આંક–૭ થી સંસ્થાનો લેખિત જવાબનો હકક બંધ કરવા અરજ કરેલ છે.

**૫.** આ કામે બીજા પક્ષકારે આંક–૮ થી દસ્તાવેજ રજૂ કરેલ છે, જે નીચે મુજબ છે.

| ક્રમ. | વિગત. |
|---|---|
| ૧. | માંગણાનું નિવેદન સંસ્થાને મોકલેલ તેની મની રસીદ અસલ. |
| ૨. | માંગણાનું નિવેદન સંસ્થાને મળી ગયા બાબતે અસલ એકનોલેજમેન્ટ રસીદ. |

**૬.** આ કામે બીજા પક્ષકારે આંક–૯ થી સંસ્થાએ લેખિત નિવેદન રજૂ કરેલ નથી જેથી હકક બંધ કરવા અરજ કરેલ છે. આંક–૧૦ થી પ્રથમ પક્ષકાર તરફે વકીલાતનામું રજૂ થયેલ છે.

**૭.** આ કામે બીજા પક્ષકારે આંક–૧૧ થી દસ્તાવેજ રજૂ કરેલ છે, જે નીચે મુજબ છે.

| ક્રમ. | વિગત. |
|---|---|
| ૧. | બીજા પક્ષકારના વકીલની નોટિસની નકલ તા.૨૨/૯/૨૦૦૦. |
| ૨. | સદર નોટિસ રજી.એ.ડી. ધ્વારા મોકલેલ તેની અસલ મની રસીદ તા.૨૩/૯/૨૦૦૦. |
| ૩. | ઉપરોકત નોટિસ સંસ્થાને મળી ગયાની સાબિતીરૂપે અસલ એકનોલેજમેન્ટ રસીદ તા.૨૫/૯/૨૦૦૦. |

**૮.** આ કામે આંક–૧૨ થી બીજા પક્ષકારના વકીલે સંસ્થાને નોટિસ મોકલાવેલ જે આંક–૧૩ થી રસીદ અને આંક–૧૪ થી રજી.એ.ડી.ની સ્લીપ રજૂ કરેલ છે. આંક–૧૫ થી બીજા પક્ષકાર શ્રી દિનેશ એસ. ચૌહાણની એફિડેવીટ રજૂ થયેલ છે, જેની ઉલટ તપાસ થયેલ છે. પ્રથમ પક્ષકારે આંક–૧૬ થી સંસ્થાના એડવોકેટ નિવૃત થવાની પુરસીસ છે. આંક–૧૭ થી અદાલત તરફથી સંસ્થાને નોટિસ મોકલવામાં આવેલ જે બેલિફના શેરા મુજબ બજી ગયેલ છે. આંક–૧૮ થી પ્રથમ પક્ષકારે વકીલાતનામું રજૂ કરેલ છે અને આંક–૧૯ થી મુદ્દત અરજી રજૂ છે. બીજા પક્ષકારે આંક–૨૦ થી ઉલટ તપાસનો હકક બંધ કરવા અરજ કરેલ છે. બીજા પક્ષકારે આંક–૨૧ થી મૌખિક પૂરાવાનો હકક બંધ કરવા અરજ કરેલ છે. આંક–૨૨ થી

પ્રથમ પક્ષકારે લેખિત જવાબ રજૂ કરેલ છે તેથી ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવા અરજ કરેલ છે.

૯. આ કામે પ્રથમ પક્ષકારે આંક–૨૩ થી જવાબ રજૂ કરેલ છે જેની ટૂંકમાં હકીકત એવી છે કે બીજા પક્ષકારને આ કે આવા પ્રકારનો કોઈ રેફરન્સ કરવાનો કે કરાવવાનો કાયદેસર કોઈ હકક કે અધિકાર નથી તથા આ રેફરન્સ સાંભળવો કે તે અંગે ન્યાયનિર્ણય તે નામદાર અદાલતના કાર્યક્ષેત્ર બહાર છે તેમ જણાવી પ્રાથમિક મુદ્દામાં જણાવે છે કે બીજા પક્ષકાર કોઈપણ જાતની પૂર્વમંજૂરી કે જાણ કર્યા સિવાય ફરજ ઉપર જાતે આવતા બંધ થઈ ગયા છે તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમજ આ જવાબમાં સ્પષ્ટપણે કબૂલ કર્યા હોય તે સિવાય બીજા પક્ષકારે માંગણાનાં નિવેદનમાં કરેલ તમામ વિધાનો સત્ય હકીકતોથી વેગળા હોય કબૂલ રાખવામાં આવતા નથી અને તે બીજા પક્ષકારે નામદાર સમક્ષ સ્પષ્ટપણે પુરવાર કરવી જોઈએ તેમ જણાવી માંગણાના નિવેદનના દરેક પેરાનું વિગતવાર ખંડન કરી સત્ય હકીકતે જણાવે છે કે બીજા પક્ષકાર કોઈપણ જાતની પૂર્વમંજૂરી કે જાણ કર્યા સિવાય તેઓની ફરજ ઉપરથી જાતે આવતા બંધ થયેલ છે, આમ તેઓએ ફરજ ઉપર આવવાનું બંધ કર્યા બાદ કયારેય સંસ્થામાં આવેલ નથી કે નોકરીમાં આવવાના પ્રયત્ન પણ કરેલ નથી અને આ અંગે તેઓને ફરજ ઉપર હાજર થવાની જાણ પણ કરાવવામાં આવેલ હતી, પરંતુ તેઓ નોકરીની ફરજ ઉપર થયેલ નહિ. આમ પ્રથમ પક્ષકારે નોકરીમાંથી છૂટા કરેલ નથી, પરંતુ તેઓએ સ્વેચ્છાએ જ નોકરીમાં આવવાનું બંધ કરેલ હોય અને પ્ર થમ પક્ષકારને એકમાત્ર હેરાન–પરેસાન કરવાના બદઈરાદાથી, બદઆશયથી કેસ કરેલ હોય સદરહુ રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમજ તેઓ જાતે નોકરીની ફરજ પર આવવાનું બંધ કરેલ અને તેઓને આજેપણ નોકરી કરવી હોય તો રાખવા તૈયાર છીએ તેમ જણાવી બીજા પક્ષકારે માંગેલ દાદ યા અન્ય કોઈપણ દાદ કાયદેસર માંગવા કે મેળવવા હકદાર થતા ન હોય બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

૧૦. આ કામમાં બીજા પક્ષકારે આંક–૨૪ અને આંક–૨૫ થી મુદત અરજી રજૂ કરેલ છે, આંક–૨૬ થી બીજા પક્ષકારના પ્રતિનિધીએ અધિકાર પત્ર રજૂ કરેલ છે, આંક–૨૭ થી બીજા પક્ષકારે સંસ્થા જણાવે તે સમયે અને તારીખથી કામે જવાની અરજ કરેલ છે, આંક–૨૮ થી બીજા પક્ષકાર વધુ સરતપાસ લેવા માંગે છે તે પરવાનગી આપવા અરજ કરેલ છે. પ્રથમ પક્ષકારે તકરારોને બાધ ન

આવે તે રીતે આંક–૨૯ થી બીજા પક્ષકારને કામે રાખવા જાહેર કરેલ છે, આંક–૩૦ થી બીજા પક્ષકાર હાજર થયેલ નથી તે ધ્યાને લેવા અરજ કરેલ છે, આંક–૩૧ થી મુદ્દત અરજી છે. આંક–૩૨ થી બીજા પક્ષકારે મૌખિક પૂરાવાની કલોઝિંગ રજૂ કરેલ છે. આંક–૩૩ થી પ્રથમ પક્ષકારના એડવોકેટ રીટાયર્ડ થયાની જાણ કરેલ છે તથા આંક–૩૪ થી રીટાયર્ડ થવા અંગે આપેલ પત્રની અસલ નકલ તા.૩/૧/૨૦૧૭ રજૂ કરેલ છે. પ્રથમ પક્ષકારે આંક–૩૫ થી મુદ્દત અરજી રજૂ કરેલ છે, આંક–૩૬ થી પ્રથમ પક્ષકાર તરફે વકીલાતનામું રજૂ થયેલ છે. બીજા પક્ષકારે આંક–૩૭ થી પ્રથમ પક્ષકાર સંસ્થાનો પૂરાવો બંધ કરવા અરજ કરેલ છે. આંક–૩૮ થી પ્રથમ પક્ષકાર સંસ્થાના એચ.આર. મેનેજર મહેશભાઈ હિંમતલાલ મિસ્ત્રીનું મૌખિક જૂબાની સ્વરૂપે સોગંદનામું રજૂ કરેલ છે તથા આંક–૩૯ થી મુદત અરજી રજૂ છે. આંક–૪૦ અને આંક–૪૧ થી બીજા પક્ષકારની મુદ્દત અરજી છે. આંક–૪૨ થી પ્રથમ પક્ષકાર સંસ્થામાં મેનેજર (એચ.આર.) અશ્વિનભાઈ મણિલાલ પટેલે મૌખિક જૂબાની સ્વરૂપે સોગંદનામું રજૂ કરેલ છે જેની ઉલટ તપાસ થયેલ છે. આંક–૪૩ થી પ્રથમ પક્ષકારે મૌખિક પૂરાવાનું સ્ટેજ બંધ કરવા અરજ કરેલ છે.

**૧૧.** આ કામે દલીલો સાંભળી કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

**૧૨.** કેસનું રેકર્ડ જોતા આ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા:–**

(૧) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓનો ભંગ કરી ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે ?

(૨) શું બીજા પક્ષકાર પડેલા દિવસોના પુરા પગાર તથા તમામ મળવા પાત્ર આનુસાંગીક લાભો સાથે નોકરીની સાતત્યતા સાથે નોકરીમાં મૂળ જગ્યાએ પુન: સ્થાપિત થવા હકકદાર છે ?

(૩) શું હુકમ ?

**૧૩.** ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે જણાવેલ કારણસર નીચે

મુજબ છે.

<u>**નિર્ણય:**</u>–

(૧) હકારમાં.

(૨) અંશત: હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**–:: <u>કા ર ણો</u> ::–**

<u>**મુદ્દા નં.૧ અને ર :–**</u>

**૧૪.** બીજા પક્ષકારનો કેસ એવો છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં મેન્ટેનેશ ખાતામાં ફીટરના હેલ્પર તરીકે ખંત અને વફાદારી પૂર્વક છેલ્લા ૩ વર્ષથી નોકરીની ફરજો બજાવતા હતા અને સંસ્થાને કામ–વર્તન બારામાં કોઈ જ ફરિયાદ ન હતી, આમ તેઓનો સર્વિસ રેકેર્ડ તદ્દન ચોખ્ખો હતો અને છે. આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થાને મજૂર કાયદાઓ લાગુ પડે છે અને સંસ્થામાં ૧૦૦ કરતા વધુ કામદારો કામ કરે છે તથા કાયદાની જોગવાઈઓનું સંસ્થા દ્વારા વારંવાર ભંગ અને ઉલ્લંઘન કરવામાં આવી રહેલ છે. તેઓને સંસ્થા માસિક પગાર રૂા.૧,પ૩૦/– ચૂકવતી હતી અને પગાર સિવાય અન્ય કોઈપણ પ્રકારની સવલતો સંસ્થા તરફથી પૂરી પાડવામાં આવતી ન હતી. બીજા પક્ષકાર વધુમાં જણાવે છે કે તેઓ બીમાર થવાને કારણે ફરજ બજાવવા માટે હાજર થઈ શકેલા નહિ, તેના કારણે તેઓ ઉપર કિન્નાખોરી અને વેરભાવ રાખીને પ્રથમ પક્ષકારના હોદ્દેદારોએ તા.૪/૮/ર૦૦પ ના રોજથી બદદાનત અને બદઈરાદા પૂર્વક નોકરીમાંથી ખોટા અને બનાવટી ઉપજાવી કાઢેલા કારણોસર ફકત મૌખિક હુકમથી છૂટા કરેલ છે. તેઓને છૂટા કરતા અગાઉ કોઈ નોટિસ, પગાર, વળતર વગેરે ચૂકવી આપેલ નથી કે ચૂકવી આપવાની કોઈ જ ઈચ્છા કે તૈયારી બતાવેલ નથી, આમ તેઓને છૂટા કરીને મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓનો, કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો તેમજ ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓનો ખુલ્લેઆમ ભંગ અને અનાદર કરેલ છે તેમ જણાવી દાદ માંગેલ છે કે તેઓને સંસ્થાએ તા.૪/૮/ર૦૦૦ ના રોજથી નોકરીમાંથી છૂટા કરેલા છે તે ગેરકાયદેસર, ગેરવ્યાજબી ઠરાવી તેઓને નોકરીમાં અનુસૂચિ મુજબ આનુષાંગિક તમામ હકકો સાથે પુન: સ્થાપિત કરે તેવો હુકમ કરવા તથા ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

**૧૫.** પ્રથમ પક્ષકારનો બચાવ એવો છે કે બીજા પક્ષકારને આ કે આવા પ્રકારનો કોઈ રેફરન્સ કરવાનો કે કરાવવાનો કાયદેસર કોઈ હકક કે અધિકાર નથી તથા આ રેફરન્સ સાંભળવો કે તે અંગે ન્યાયનિર્ણય તે નામદાર અદાલતના કાર્યક્ષેત્ર બહાર છે તેમ જણાવી પ્રાથમિક મુદ્દામાં જણાવે છે કે બીજા પક્ષકાર કોઈપણ જાતની પૂર્વમંજૂરી કે જાણ કર્યા સિવાય ફરજ ઉપર જાતે આવતા બંધ થઈ ગયા છે તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમજ આ જવાબમાં સ્પષ્ટપણે કબૂલ કર્યા હોય તે સિવાય બીજા પક્ષકારે માંગણાનાં નિવેદનમાં કરેલ તમામ વિધાનો સત્ય હકીકતોથી વેગળા હોય કબૂલ રાખવામાં આવતા નથી અને તે બીજા પક્ષકારે નામદાર સમક્ષ સ્પષ્ટપણે પુરવાર કરવી જોઈએ તેમ જણાવી માંગણાના નિવેદનના દરેક પેરાનું વિગતવાર ખંડન કરી સત્ય હકીકતે જણાવે છે કે બીજા પક્ષકાર કોઈપણ જાતની પૂર્વમંજૂરી કે જાણ કર્યા સિવાય તેઓની ફરજ ઉપરથી જાતે આવતા બંધ થયેલ છે, આમ તેઓએ ફરજ ઉપર આવવાનું બંધ કર્યા બાદ કયારેય સંસ્થામાં આવેલ નથી કે નોકરીમાં આવવાના પ્રયત્ન પણ કરેલ નથી અને આ અંગે તેઓને ફરજ ઉપર હાજર થવાની જાણ પણ કરાવવામાં આવેલ હતી, પરંતુ તેઓ નોકરીની ફરજ ઉપર થયેલ નહિ. આમ પ્રથમ પક્ષકારે નોકરીમાંથી છૂટા કરેલ નથી, પરંતુ તેઓએ સ્વેચ્છાએ જ નોકરીમાં આવવાનું બંધ કરેલ હોય અને પ્રથમ પક્ષકારને એકમાત્ર હેરાન–પરેસાન કરવાના બદઈરાદાથી, બદઆશયથી કેસ કરેલ હોય સદરહુ રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમજ તેઓ જાતે નોકરીની ફરજ પર આવવાનું બંધ કરેલ અને તેઓને આજેપણ નોકરી કરવી હોય તો રાખવા તૈયાર છીએ તેમ જણાવી બીજા પક્ષકારે માંગેલ દાદ યા અન્ય કોઈપણ દાદ કાયદેસર માંગવા કે મેળવવા હકદાર થતા ન હોય બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

**૧૬.** આ કામે બીજા પક્ષકારની આંક–૧૫ ની ઉલટ તપાસ ધ્યાને લેતા હું ઈસાન ડાઈઝ એન્ડ કેમીકલ્સમાં કામ કરતો હતો. મને કામ પર રાખવાનો નિમણૂંક પત્ર મારી પાસે નથી. સાહેદ જાતે કહે છે કે નિમણૂંક પત્ર આપતા જ ન હતા. મેં કંપની પાસે નિમણૂંક પત્ર માંગેલો નહિ. મારો કંપનીમાં પી.એફ., ઈ.એસ.આઈ. કપાતો હતો. એ વાત ખરી છે કે પી.એફ. ના પૈસા મેં કંપનીમાંથી ઉપાડી લીધેલા. આ પૈસા મેં પી.એફ. ઓફિસમાંથી ઉપાડેલા. એ વાતનો મને ખ્યાલ નથી કે પી.એફ. ના પૈસા નોકરીમાંથી છૂટા થયે ત્યારે જ પી.એફ.વાળા આપે. હું નોકરીમાં આવતો બંધ એટલા

માટે થયેલો કે મને નોકરીમાંથી કાઢી મૂકેલો. મને આંક–૫ નું માંગણાનું નિવેદન બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે. એ વાત ખરી છે કે આંક–૫ ના પેરા (૪) માં માંગણાના નિવેદનમાં જણાવ્યા મુજબ બીમાર થવાના કારણે સંસ્થામાં રાબેતા મુજબની ફરજો બજાવવા માટે હાજર થઈ શકેલ નહિ. હું સદરહુ પેરા (૪) માં જણાવ્યા મુજબ બીમાર હતો ત્યારે ઈ.એસ.આઈ. માં સારવાર લેવા ગયેલ નહિ. સાહેદ જાતે કહે છે કે મને ઈ.એસ.આઈ. નું કાર્ડ ત્યારે આપેલું ન હતું. મે ઈ.એસ.આઈ. નું કાર્ડ ન આપવા અંગે સંસ્થાને જાણ કરેલી અને સંસ્થાએ મને ફોટો આપવા કહેલું અને મેં સંસ્થાને ફોટો આપેલો. તો પણ મને કાર્ડ આપેલું નહિ. મેં આ અંગે કાર્ડ ન આપવા અંગેની લેખિત ફરિયાદ કરેલ નથી. સાહેદ જાતે કહે છે કે મેં મૌખિક ફરિયાદ કરેલી. તે વાત ખરી છે કે મેં કંપનીમાં કે ઈ.એસ.આઈ. માં કાર્ડ અંગે લેખિતમાં ફરિયાદ કરી નથી. મેં આ બીમારી અંગે મહેમદાવાદ સરકારી હોસ્પિટલમાં દવા લીધેલી. આ દવાના પેપરો મેં કંપનીમાં કયારેય આપેલ નથી. હું ચાર–પાંચ દિવસ બીમાર રહેલો. મેં બીમારી અંગે અગાઉથી કંપનીમાં જાણ એટલા માટે નહોતી કરી કે મને અગાઉથી બીમાર હોવાની જાણ ન હતી. મને ત્યારે કમળો થઈ ગયેલો. હું કંપનીમાં સાજા થયા પછી ચાર–પાંચ દિવસ પછી ગયેલો. મને અત્યારે ખ્યાલ નથી કે હું સાજા થયા પછી કંપનીમાં હાજર થવા ગયો ત્યારે મારા તબીબી કાગળો કંપનીમાં આપેલા કે નહિ. મેં કંપનીમાં ૨૪૦ દિવસ કામ કર્યા અંગે મેં આ કામમાં પૂરાવા રજૂ કરેલ છે. હું સાજા થયા પછી હાજર થવા માટે અમારા કંપનીના એન્જિનિયર એન.પી.પટેલ સાહેબને મળેલો. મને નોકરીમાં ન આવવાનું એન.પી.પટેલ સાહેબે કહેલું. એ વાત ખરી નથી કે હું અત્યારે નોકરી કરૂ છું. એ વાત ખરી છે કે હું ખેતી કરૂ છું. મારી પાસે દોઢ વીઘા જમીન છે અને બીજી ખેતી હું ભાગમાં રાખીને કરૂ છું. બીજી બે વીઘા જમીન ભાગમાં રાખીને ખેતી કરૂ છું. તે વાત ખરી છે કે આ ખેતીની આવકમાંથી મારા ઘરનું ભરણ પોષણ કરૂ છું. મને નોકરીમાંથી છૂટા કર્યા બાદ હું પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ મેળવવા માટે ગયેલ છું. મને નોકરીમાંથી છૂટા કર્યા પછી લગભગ ચાર–પાંચ દિવસ પછી હું કામ મેળવવા પ્રથમ પક્ષકાર કંપનીમાં ગયેલો. એ પછી મને ના કહેલી તે માટે હું કંપનીમાં કામ મેળવવા ગયેલ નથી. હું ખેતીની આવકમાંથી મહિને ચારહજાર રૂપિયા કમાઉ છું.

**૧૭.** આ કામે પ્રથમ પક્ષકારના સાક્ષી અશ્વિનભાઈ મણિલાલ પટેલની

આંક–૪૨ ની ઉલટ તપાસ ધ્યાને લેતા એ વાત ખરી છે કે કામદારે નોકરી ઉપર રહેવા માટે હાલનો કેસ કરેલો છે. એ વાત ખરી છે કે મારો બચાવ એવો છે કે કામદાર જાતે નોકરી છોડીને જતા રહયાં છે. મને આંક–૨૭ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે તે અરજી કામદારે નોકરી ઉપર જવા માટે આપેલી છે. આંક–૨૯ મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે તે અરજી અમારી સંસ્થાએ કામદારને નોકરી ઉપર રાખવા અંગેની આપેલી છે. એ વાત ખરી છે કે કામદારની કોઈ ખાતાકીય તપાસ કરી નથી. એ વાત ખરી છે કે આ બનાવ ૧૯ વર્ષ પહેલા બનેલો. એ વાત ખરી છે કે હાલના કામદારને કામ ઉપર રાખવામાં આવે તો તેની જગ્યા ઉપર રાખેલ કામદાર અંગે વહિવટીય પ્રશ્નો ઘણાં ઉભા થાય. એ વાત ખરી છે કે કન્સિલિશન પ્રોસેસીંગમાં સંસ્થાવતી બીજા પક્ષકારને કામે રાખવા અંગે જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કન્સિલેશનમાં સંસ્થા તરફે કોઈ હાજર થયેલ નહિ.

**૧૮.** હવે પડેલા પૂરાવાનું મૂલ્યાંકન કરીએ તો બીજા પક્ષકારનો કેસ એવો છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં મેન્ટેનેશ ખાતામાં ફીટરના હેલ્પર તરીકે ખંત અને વફાદારી પૂર્વક છેલ્લા ૩ વર્ષથી નોકરીની ફરજો બજાવતા હતા અને સંસ્થાને કામ–વર્તન બારામાં કોઈ જ ફરિયાદ ન હતી, આમ તેઓનો સર્વિસ રેકેર્ડ તદ્દન ચોખ્ખો હતો અને છે. આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થાને મજૂર કાયદાઓ લાગુ પડે છે અને સંસ્થામાં ૧૦૦ કરતા વધુ કામદારો કામ કરે છે તથા કાયદાની જોગવાઈઓનું સંસ્થા ધ્વારા વારંવાર ભંગ અને ઉલ્લંઘન કરવામાં આવી રહેલ છે. તેઓને સંસ્થા માસિક પગાર રૂા.૧,૫૩૦/– ચૂકવતી હતી અને પગાર સિવાય અન્ય કોઈપણ પ્રકારની સવલતો સંસ્થા તરફથી પૂરી પાડવામાં આવતી ન હતી. બીજા પક્ષકાર વધુમાં જણાવે છે કે તેઓ બીમાર થવાને કારણે ફરજ બજાવવા માટે હાજર થઈ શકેલા નહિ, તેના કારણે તેઓ ઉપર કિન્નાખોરી અને વેરભાવ રાખીને પ્રથમ પક્ષકારના હોદ્દેદારોએ તા.૪/૮/૨૦૦૫ ના રોજથી બદદાનત અને બદઈરાદા પૂર્વક નોકરીમાંથી ખોટા અને બનાવટી ઉપજાવી કાઢેલા કારણોસર ફકત મૌખિક હુકમથી છૂટા કરેલ છે. તેઓને છૂટા કરતા અગાઉ કોઈ નોટિસ, પગાર, વળતર વગેરે ચૂકવી આપેલ નથી કે ચૂકવી આપવાની કોઈ જ ઈચ્છા કે તૈયારી બતાવેલ નથી, આમ તેઓને છૂટા કરીને મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓનો, કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો તેમજ ઔધોગિક વિવાદ ધારાની જોગવાઈઓનો ખુલ્લેઆમ ભંગ અને અનાદર કરેલ છે તેમ

જણાવી દાદ માંગેલ છે કે તેઓને સંસ્થાએ તા.૪/૮/૨૦૦૦ ના રોજથી નોકરીમાંથી છૂટા કરેલા છે તે ગેરકાયદેસર, ગેરવ્યાજબી ઠરાવી તેઓને નોકરીમાં અનુસૂચિ મુજબ આનુષાંગિક તમામ હકકો સાથે પુન: સ્થાપિત કરે તેવો હુકમ કરવા તથા ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

**૧૯.** પ્રથમ પક્ષકારનો બચાવ એવો છે કે બીજા પક્ષકારને આ કે આવા પ્રકારનો કોઈ રેફરન્સ કરવાનો કે કરાવવાનો કાયદેસર કોઈ હકક કે અધિકાર નથી તથા આ રેફરન્સ સાંભળવો કે તે અંગે ન્યાયનિર્ણય તે નામદાર અદાલતના કાર્યક્ષેત્ર બહાર છે તેમ જણાવી પ્રાથમિક મુદ્દામાં જણાવે છે કે બીજા પક્ષકાર કોઈપણ જાતની પૂર્વમંજૂરી કે જાણ કર્યા સિવાય ફરજ ઉપર જાતે આવતા બંધ થઈ ગયા છે તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમજ આ જવાબમાં સ્પષ્ટપણે કબૂલ કર્યા હોય તે સિવાય બીજા પક્ષકારે માંગણાનાં નિવેદનમાં કરેલ તમામ વિધાનો સત્ય હકીકતોથી વેગળા હોય કબૂલ રાખવામાં આવતા નથી અને તે બીજા પક્ષકારે નામદાર સમક્ષ સ્પષ્ટપણે પુરવાર કરવી જોઈએ તેમ જણાવી માંગણાના નિવેદનના દરેક પેરાનું વિગતવાર ખંડન કરી સત્ય હકીકતે જણાવે છે કે બીજા પક્ષકાર કોઈપણ જાતની પૂર્વમંજૂરી કે જાણ કર્યા સિવાય તેઓની ફરજ ઉપરથી જાતે આવતા બંધ થયેલ છે, આમ તેઓએ ફરજ ઉપર આવવાનું બંધ કર્યા બાદ કયારેય સંસ્થામાં આવેલ નથી કે નોકરીમાં આવવાના પ્રયત્ન પણ કરેલ નથી અને આ અંગે તેઓને ફરજ ઉપર હાજર થવાની જાણ પણ કરાવવામાં આવેલ હતી, પરંતુ તેઓ નોકરીની ફરજ ઉપર થયેલ નહિ. આમ પ્રથમ પક્ષકારે નોકરીમાંથી છૂટા કરેલ નથી, પરંતુ તેઓએ સ્વેચ્છાએ જ નોકરીમાં આવવાનું બંધ કરેલ હોય અને પ્રથમ પક્ષકારને એકમાત્ર હેરાન–પરેસાન કરવાના બદઈરાદાથી, બદઆશયથી કેસ કરેલ હોય સદરહુ રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમજ તેઓ જાતે નોકરીની ફરજ પર આવવાનું બંધ કરેલ અને તેઓને આજેપણ નોકરી કરવી હોય તો રાખવા તૈયાર છીએ તેમ જણાવી બીજા પક્ષકારે માંગેલ દાદ યા અન્ય કોઈપણ દાદ કાયદેસર માંગવા કે મેળવવા હકદાર થતા ન હોય બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

**૨૦.** આ કામે બીજા પક્ષકારની ઉલટ તપાસ ધ્યાને લઈએ તો એ વાત ખરી છે કે આંક–૫ ના પેરા (૪) માં માંગણાનાં નિવેદનમાં જણાવ્યા મુજબ બીમાર થવાના

કારણે સંસ્થામાં રાબેતા મુજબની ફરજો બજાવવા માટે હાજર થઈ શકેલ નહિ. હું સદરહુ પેરા (૪) માં જણાવ્યા મુજબ બીમાર હતો, ત્યારે ઈ.એસ.આઈ. માં સારવાર લેવા ગયેલ નહિ, સાહેદ જાતે કહે છે કે મને ઈ.એસ.આઈ. નું કાર્ડ કયારેય આપેલ ન હતું. મેં આ બીમારી અંગે મહેમદાવાદ સરકારી હોસ્પિટલમાં દવા લીધેલી, આ દવાના પેપર મેં કંપનીમાં કયારેય આપેલા નથી. મને અત્યારે ખ્યાલ નથી કે હું સાજા થયા પછી કંપનીમાં હાજર થવા ગયો ત્યારે તબીબી કાગળો કંપનીમાં આપેલા કે નહિ. આ કામે આંક–૨૯ થી પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને નોકરી ઉપર રાખવા અંગેની પુરસીસ આપેલ છે જેમાં પ્રથમ પક્ષકાર તથા બીજા પક્ષકારની સહીઓ છે. આંક–૩૦ થી પ્રથમ પક્ષકારે કોર્ટ સમક્ષ પુરસીસ આપી જણાવેલ છે કે બીજા પક્ષકાર નોકરીમાં હાજર થવા આવેલ નથી. આ કામે બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે માલિક નોકરના સબંધો બિનતકરારી છે. બીજા પક્ષકારની કોઈ પ્રથમ પક્ષકારે ખાતાકીય તપાસ કરેલ હોય તેવું પણ રેકર્ડ ઉપરથી જણાતું નથી. આ કામે પ્રથમ પક્ષકારના સાક્ષીની ઉલટ તપાસ ધ્યાને લઈએ તો આંક–૨૯ મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે તે અરજી કામદારને નોકરી ઉપર જવા માટે આપેલી છે. એ વાત ખરી છે કે કામદારની કોઈ ખાતાકીય તપાસ કરી નથી. એ વાત ખરી છે કે આ બનાવ ૧૯ વર્ષ પહેલાનો છે. હાલના કામદારને કામ ઉપર રાખવામાં આવે તો તેની જગ્યા ઉપર રાખેલ કામદાર અંગે વહિવટીય પ્રશ્ન ઉભા થાય. બીજા પક્ષકાર તેઓની ઉલટ તપાસમાં જણાવે છે કે એ વાત ખરી છે કે હું ખેતી કરૂ છું. મારી પાસે દોઢ વીઘા જમીન છે અને બીજી ખેતી હું ભાગ રાખીને કરૂ છું. એ વાત ખરી છે કે આ ખેતીની આવકમાંથી મારા ઘરનું ભરણ પોષણ કરૂ છું. આ કામે બીજા પક્ષકારને કામ પર રાખવા અંગે પ્રથમ પક્ષકારે કોર્ટ સમક્ષ પુરસીસ આપેલી કે તેઓ બીજા પક્ષકારને કામ ઉપર રાખવા તૈયાર છે, પરંતુ બીજા પક્ષકાર હાજર ન થતા પ્રથમ પક્ષકારે આંક–૩૦ થી કોર્ટ સમક્ષ પુરસીસ આપેલી કે બીજા પક્ષકાર આજદિન સુધી નોકરીમાં હાજર થયેલ નથી. બીજા પક્ષકાર નોકરીમાં હાજર થવા ગયેલ હોય અને પ્રથમ પક્ષકારે તેમને રાખ્યા ન હોય તેવી કોઈ અરજી બીજા પક્ષકારે આપી હોય તેવું રેકર્ડ પરથી જણાતું નથી. બીજા પક્ષકારને છૂટા કરતા પહેલાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારની કોઈ ખાતાકીય તપાસ કરી હોય તેવું પણ રેકર્ડ પરથી જણાતું નથી. વધુમાં બીજા પક્ષકાર બેકાર હોય તેવું તેમની ઉલટ તપાસ પરથી જણાતું નથી, ઉલટાનું તેઓ કામ કરે છે તેવું રેકર્ડ પરથી જણાય છે. આમ ઉપર

મુજબની હકીકતો ધ્યાને લઈ આ કામે બીજા પક્ષકારને પુન: સ્થાપિત કરવાના બદલે તેને તેઓને લમસમ કોમ્પન્સેશન પેટે રૂા.૪૦,૦૦૦/– ચૂકવી આપવું યોગ્ય જણાતું હોય આમ **મુદ્દા નં.૧** નો જવાબ હકારમાં અને **મુદ્દા નં.૨** નો જવાબ અંશત: હકારમાં ઠરાવી **મુદ્દા નં.૩** અંગે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧.** બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.એ.) નં.પપ/૨૦૦૧ આથી અંશત: મંજૂર કરવામાં આવે છે.

**૨.** આ કામે બીજા પક્ષકારને પુન: સ્થાપિત કરવાના બદલે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને લમસમ કોમ્પન્સેશન પેટે રૂા.૪૦,૦૦૦/– ચૂકવવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**૪.** આ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અમલ કરવાનો રહેશે.

તા. ૨૭/૯/૨૦૧૯.
અમદાવાદ.
**CODE-GJ00748**

(ધીરેન જગદીશભાઈ ઠાકર)
પ્રમુખ અધિકારી
મજૂર અદાલત નં. ૨, અમદાવાદ.

HMPRAJAPATI,P.A.